# પલાશ

શ્રી ઝવેરચંદ મેઘાણી
## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

વર્ષ : ૧ ૧૫ સપ્ટેમ્બર ૨૦૦૨ અંક : ૨

તંત્રી : એન. જે. મકવાણા
સહ તંત્રી : સી. ટી. ટૂંડીયા
સંપાદક : ડાયેટ પરિવાર, સુરેન્દ્રનગર

### સર્જકોને

> શિક્ષકોને પ્રેરણાદાયી, વર્ગ શિક્ષણ કાર્યમાં ઉપયોગી બને તેવા મૌલિક, સરળ ભાષામાં અભ્યાસપૂર્ણ, અનુભવજન્ય, ટૂંકા લેખો આવકાર્ય છે.
> બાળક, શાળા કે શિક્ષણ કેન્દ્રી વાર્તાઓ - બાળ કાવ્યો, પ્રસંગકથા-ઘટનાઓ, સ્થાનિક પર્યાવરણને અનુરૂપ લેખો આવકાર્ય છે.
> અન્યત્ર પ્રગટ થયેલ કૃતિ ન મોકલવી.
> લેખ પ્રકાશન અંગે પત્ર વ્યવહાર ન કરવો.
> સામયિકમાં પ્રસિધ્ધ થતા વિચાર સાથે તંત્રી સહમત છે તેમ માનવું નહી.

**"ભાર વિનાનું ભણતર"**
રેડિયો કાર્યક્રમ આપે સાંભળ્યો ?

### પત્ર વ્યવહારનું સરનામું :

પ્રતિ,
તંત્રીશ્રી,(પલાશ)
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
શ્રી સ્વામિનારાયણ ગુરુકુળની સામે,
સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧
ફોન / ફેકસ : (૦૨૭૫૨)૨૩૧૭૦
E-Mail dietsnr@yahoo co in.

**સારસ્વત ભાઈ – બહેનો,**

'પલાશ'ના માધ્યમથી આપને મળતાં આનંદ વ્યકત કરું છું. આપના તરફથી 'પલાશ'ને શુભેચ્છાઓ અસંખ્ય રીતે મળેલ છે. તે માટે અમો ધન્યતા અનુભવીએ છીએ. પલાશ એ આપના શાળા પરિવારનું માધ્યમ છે. તેમાં આપ સર્વ પોતાની કૃતિઓ, લેખો, ઘટના–પ્રસંગો કે સ્થળ પરિચયો દ્વારા આપ જોડાઈ શકો છો.

અમારા ડાયેટ પરિવાર દ્વારા અવાર–નવાર શાળામાં ચાલતી સી.આર.સી. મિટિંગોમાં આવવાનું થાય છે. સી.આર.સી. બેઠકો સારી ચાલી રહી છે તેનો આનંદ વ્યકત કરું છું. પરંતુ સાથે સાથે તેમાં આપ સર્વની સક્રિયતા, સહકાર અને સૌજન્યતા દ્વારા જ આપણે તેને વધારે સક્ષમ અને સમૃધ્ધ બનાવી શકીશું. સી.આર.સી. મિટિંગની પ્રથમ અગ્રિમતા નિયમિતતાને આપીશું. બીજી અગ્રિમતા તે બેઠકમાં આપની ભાગીદારીતાને આપીશું. પછી જુઓ તેમાં આપો આપ એક નવી ચેતના–ચિનગારી પ્રજવલ્લિત થશે.

સી.આ.સી. બેઠકો જેટલી રસમય, આનંદમય, પ્રવૃત્તિમય બનશે તેટલી તે વધુમાં વધુ સક્ષમતા તરફ, સમૃધ્ધતા તરફ લઈ જઈ શકીશું. મિટિંગોમાં આપણે 'સ્વ' ને ખોઈ દેવાનો છે અને 'સર્વ' માં વહેંચી દેવાનો છે. કારણ કે અભિનયગીતો, વાર્તાઓ, જૂથ કાર્ય, નિદર્શન પાઠ અને પ્રવૃત્તિઓમાં આપણે ત્યારે જ તન્મય થઈ શકીશું. અને હા, સી.આર.સી.કો.ઓર્ડી.ને સહકાર આપવાનું પણ આપણે ન ભૂલીએ.

બેઠક પૂર્ણ થયા બાદ આપણે વિચારીશું કે આજે મેંજે બેઠકમાં ભાગ લીધો તેમાં મે શું મેળવ્યું? મેં શું બીજાને આપ્યું? આ બે બાબતોનો જો અનુભવ થાય તો જીવન શિક્ષણ ધન્ય બની જાય.

સી.આર.સી.ના માધ્યમથી આપણી શાળાઓ 'ભાર વિનાના ભણતર'ને અચૂક બળવત્તર બનાવશે એવી શ્રધ્ધા સહ...

એન.જે.મકવાણા
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
સુરેન્દ્રનગર

# "પલાશ" – પલાશવન બની રહો...

– ડૉ. મોતીભાઈ પટેલ

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – સુરેન્દ્રનગર પોતાની આગવી ઓળખ આપતું મુખપત્ર 'પલાશ' પ્રગટ કરે છે ત્યારે આનંદ જ નહીં ઉમળકો પણ થાય છે. કેમ કે 'પલાશ' એટલે 'ખાખરો'. આ ખાખરાનું વૃક્ષ મારું પ્રિય વૃક્ષ છે. વળી તેનું ફૂલ 'કેસૂડો' એ મારું પ્રિય ફૂલ છે. આમ તો હું પલાશવનના પ્રદેશનો જીવ છું. મારા સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાની અરવલ્લી ગિરિમાળાઓમાં ફાગણમાં જાઓ તો જાણે કે કેસૂડાનુંનગર!!! ખાખરાનાં પુષ્પ જેટલાં સુંદર અને રૂપાળાં છે, તેટલાં તેનાં મૂળિયા ખેડૂતોને માટે રસ્સી વણવામાં ઉપયોગમાં આવે છે. પલાશની વિશેષતા એ છે કે, તેનાં તમામ પાંદડાં ખરી પડે પછી તેના ઉપર 'કેસૂડાં' આવે છે. આપણે પણ આપણા જીવનમાં કેસૂડા ખીલવવાં હોય તો જાતને ઓગાળી નાંખવી પડે. અનેક અવગુણો ખેરવી નાંખવા પડે. વીનેશ અંતાણીની એક નવલકથાનું નામ છે 'પલાશવન'. ડાયટના સૌ અધ્યાપકો અને પ્રશિક્ષણાર્થીઓએ વાંચવા જેવી નવલ છે.

'પલાશ' નો પ્રથમ વર્ષનો પ્રથમ અંક જોતાં જ ગમી જાય એવો છે. તંત્રી તરીકે પ્રિ. મકવાણા સાહેબ અને સહ તંત્રી તરીકે ભાઈ સી. ટી. ટુંડીયા એને ખૂબ જ સમૃધ્ધ અને આકર્ષક બનાવશે એવી મારી શ્રધ્ધા છે. તમારા આ પલાશ ઉપર ખૂબ જ સુન્દર 'કેસૂડાં' ખીલે તેવી મારી અભ્યર્થના છે.

આમ તો 'પલાશ'ને મારી હૃદયની શુભેચ્છાઓ પણ અહીં અઝીઝ ટંકારવીની કાવ્ય પંકિતઓ હઠાત થઈ આવે છે –

"દરિયો, સરવર, નદી લખીને કરવાનાંશું?
આંખોના ઊંડાણે સૂતી વાવ લખી દઉં.
સહેજ સરખું ગુલાબ છાયું સ્મિત મળે તો –
હિલ્લોળતા સાત સમંદર જાવ લખી દઉં.
તેં તો માગ્યું કેસૂડાનું ફૂલ અમસ્તુ,
હું ચાહું છું ઉપવન આખું સાવ લખી દઉં."

મારી કેસૂડારૂપી શુભેચ્છાઓ જ નહીં પલાશનું આખુ ઉપવન 'પલાશ'ને ધરી દઉં છું.

કેળવણીકાર, તંત્રી(સામ્પ્રત),
વૃન્દાવન, જિનતાન રોડ,
સુરેન્દ્રનગર

ભગતનું ગામ (સાયલા) પે. સે. શાળા નં-૧ (નાનચંદ્રજી મહારાજ)માં સ્વયં શિક્ષક દિનની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી. બાળકો દ્વારા જ શૈક્ષણિક કાર્ય કરવામાં આવ્યું. શ્રી એન. જે. મકવાણા સાહેબ (આચાર્ય-ડાયેટ) કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શિક્ષક દિનના મહિમાને વર્ણવ્યો. શાળાના આચાર્યશ્રી બીપીનચન્દ્રભાઈ રાવલ તથા શાળા પરિવારને ખૂબ-ખૂબ અભિનંદન...

# વેસ્ટમાંથી બેસ્ટ


એન.કે.રાવલીયા

(ગતાંકથી ચાલુ)


• **ક્ષમતા ક્રમાંક - ૬.૬.૭ :-**


( બે રેખાઓની છેદિકાથી બનતા ખૂણાઓ. )

(૧) અનુકોણ (૨) યુગ્મ કોણ (૩) એક જ બાજુના અંદરના ખૂણાઓ ઓળખે છે અને તેઓના સંબંધો જાણે છે.




■ **અનુકોણ :-** બે રેખાઓની છેદિકાથી બનતી યુગ્મકોણની જોડના બે ખૂણાઓમાંનો એક ખૂણો અને બીજા ખૂણાનો અભિકોણ, અનુકોણો(અથવા અનુકોણની જોડ) કહેવાય છે.




(વધુ આવતા અંકે)

જુ.લેક્ચરર
ડાયેટ-સુરેન્દ્રનગર

બાજુની આકૃતિમાં ∠ APQ અને ∠ PQD યુગ્મકોણની જોડ છે. આ જોડમાંથી ∠ APQ પસંદ કરીએ. અને બીજા ખૂણા ∠ PQD નો અભિકોણ ∠ CQY લઈએ તો ∠ APQ અને ∠ CQY એ અનુકોણો ( અથવા અનુકોણની જોડ) છે.

■ **યુગ્મકોણો :-** જે બે અંતઃકોણો છેદિકાની એક જ બાજુએ આવેલા ન હોય અને રૈખિક જોડ ન બનાવે તે અંતઃકોણોને યુગ્મકોણોની જોડ કહે છે.

આકૃતિ (૧) માં ∠APQ તથા ∠PQD એ યુગ્મકોણ છે.

આકૃતિ (૨) માં ∠BPQ તથા ∠CQP એ યુગ્મકોણ છે.

## ગાણિતિક ગમ્મત

તમારી ઉંમર લખો→તેમાં ૯૦ ઉમેરો→ત્યારબાદ ડાબીબાજુનો પ્રથક અંક ચેકીને-તે અંક બાકીની રકમમાં ઉમેરો→ તેમાં ૯ ઉમેરો→ તમારી ઉંમર આવી ગઇ.

**આવું કેમ થયું કહી શકશો?**

-પી.એમ.મહેતા
જુ.લેક્ચરર,-ગણિત-વિજ્ઞાન શાખા

**<u>ગત અંકનો જવાબ:</u>**

૧ કિલોગ્રામ = ૧૦૦૦ ગ્રામ = ૧૦,૦૦,૦૦૦ મીલીગ્રામ

૧૦ કિલોગ્રામ =૧૦ × ૧૦,૦૦,૦૦૦મીલીગ્રામ =૧,૦૦,૦૦,૦૦૦ મીલીગ્રામ

<u>માંકડ રોજ એક મીલીગ્રામ ખાય તો ૧ કરોડ મીલીગ્રામ ખાતા ૧ કરોડ દિવસ થાય.</u>

# શિક્ષક હોવાનો મને વહેમ છે

✍ ગુણવંત શાહ

મનુભાઈ પંચોળી (દર્શક)ની તબિયત પંચ્યાશી વટાવ્યા પછી જોઈએ તેવી રહેતી નથી, પરંતુ એમની વાતોમાં ટપકી પડતી હળવી પ્રજ્ઞા હજી જેવી ને તેવી પ્રસાદયુક્ત જણાય છે. મહુવામાં મોરારિબાપુની હાજરીમાં ગુજરાતના થોડાક વિચારપ્રેમી પ્રાથમિક શિક્ષકોના શિબિર પ્રતિવર્ષ ઉત્તરાણના દિવસોમાં યોજાય છે. વાતો ચાલી ત્યારે મારાથી મનુભાઈને પૂછાઈ ગયું : 'તમારી તબિયત કેમ છે ?' જવાબ ધારદાર મળ્યો: 'જેવી દેશની હાલત છે, તેવી મારી તબિયત છે.' મનુભાઈ નવલકથાકાર છે, ચિંતક છે અને ગાંધીજન છે, પરંતુ મને કોઈ પૂછે તો કહું કે તેઓ નખશિખ શિક્ષક છે.

મોરારિબાપુને લોકો કથાકાર તરીકે ઓળખે છે અને આદર આપે છે. ખરેખર જોઈએ તો એમની કથા એમનામાં રહેલાં અસલ શિક્ષકનો ચેતો વિસ્તાર છે. એક વાર મુંબઈના પાટકર હૉલમાં અનોખો સમારંભ યોજાયેલો. ગોરજના મુનિઆશ્રમના અનુબહેન ઠક્કરનું સન્માન થઈ રહ્યું હતું મંચ પર ત્રણ શિક્ષકો જ બેઠા હતા. મોરારિબાપુ કથાજગતમાં જાણીતા બન્યા તે પહેલાં પ્રાથીમક શાળામાં શિક્ષક હતા. અનુબહેન આશ્રમવાસી થયા તે પહેલાં પ્રાથમિક શાળામાં શિક્ષિકા હતાં. આ લખનાર પણ નિવૃત્ત થતાં પહેલાં યુનિવર્સિટીમાં શિક્ષક જ હતો. એ સભા અનોખી હતી તે એ અર્થમાં કે મંચ પર ત્રણ શિક્ષકો સિવાય બીજુ કોઈ ન હતું. આવા સમારંભો કેટલા ? શિક્ષકોને સંબોધવાનું બને ત્યારે મને કવિ ઓડેનનું વિધાન અચૂક યાદ આવે છે : 'જે લોકો સારું સારું લખે તે લોકોને ઘણી વાતે માફ કરી દેવા જોઈએ.' આ તર્કને આગળ લંબાવીને કહી શકાય કે જેઓ સારું ભણાવે તેમની મર્યાદાઓને ક્ષમ્ય ગણવી જોઈએ. સાચા શિક્ષક હોવું એ સૌથી મહાન ઉપલબ્ધિ ગણાય. શિક્ષકત્વ એ જ બ્રાહ્મણત્વ!

આજના માણસને કાને અથડાતો સૌથી મધુર શબ્દ 'પગાર' છે. દર મહિનાની પહેલી તારીખ મધુરતા પૂર્વક ઊગે છે. જો આખો મહિનો પગાર વસૂલ થાય એ રીતે કામ કર્યું હોય તો કોળીયો ખૂબ મીઠો લાગે છે. હરામનો પગાર વહાલો લાગે ત્યારે જાણવું કે આપણે રાવણની ઓલાદ છીએ. 'પગાર' કરતાંય અધિક મધુર શબ્દ નિવૃત્તિ પછી જડ્યો. એ શબ્દ છે. : 'પેન્શન.' નોકરીનાં વર્ષોમાં મન દઈ કામ કર્યું હોય તો પેન્શનનો એક એક રૂપિયો ખણખણતો આનંદ આપનારો બની જાય છે. કેટલાક શિક્ષકોનું પેન્શન પ્રદૂષિત હોય છે. એકપણ વિદ્યાર્થીએ એમનો આદર નથી જાળવ્યો. વિદ્યાર્થીઓ મોટા થાય પછી જ સાચા શિક્ષકોને વધારે સારી રીતે ઓળખવા પામે છે. પેન્શનની રકમને પણ પોતીકી સુગંધ હોય છે. કેટલાક શિક્ષકો ચાલુ નોકરીએ પોતાના પગારને પેન્શન ગણીને કામચોરી કરતા હોય છે. આવા શિક્ષકને આદર ન મળે ત્યાં સુધી જ ગરીબી ટકી શકે તેમ છે. નબળો શિક્ષક એટલે દેશની ગરીબીનો રખેવાળ.

આપણે ત્યાં હોમહવન થાય ત્યારે બ્રાહ્મણો થોડી થોડી વારે એક મંત્ર ઉદ્‌ગારે છે : કસ્મૈ દેવાય હવિષા વિધેમા ઈદં અજ્ઞેય ઈદં ન મમ ॥ આ હોમહવન હું કયા દેવ માટે કરું છું? આ યજ્ઞ હું અગ્નિદેવ માટે કરું છું, મારે માટે નહીં. શિક્ષકનું વર્ગકાર્ય ખરેખરું યજ્ઞકાર્ય છે.વારંવાર પૂછતાં રહેવાનું છે : શું આ યજ્ઞકાર્ય હું ઈન્સ્પેક્ટરદેવ માટે કરું છું ? શું આ યજ્ઞકાર્ય હું સરકારદેવ માટે કરું છું? શું હું પગારદેવ માટે કામ કરું છું? જવાબમાં કહેવું જોઈએ કેઆ યજ્ઞકાર્ય હું બાલદેવ માટે કરું છું. પોતે જે સંસ્કારોની વાવણી કરે તે જરુર ક્યાંક કોઈની હૃદય ક્યારીમાં ઊગી નીકળશે એવી શ્રદ્ધા, એ જ શિક્ષકની આસ્તિકતા છે. એની બિસેન્ટ લાંબી મુસાફરી દરમ્યાન ચાલતી મોટરગાડીમાંથી અસંખ્ય બી વેરતાં રહેતાં. કોઈકે એમને પૂછેલું:'આ બી વેર્યા પછી જે ફુલો ઊગશે તે તમે ક્યારેય જોશો ખરાં?' એની બિસેન્ટે કહેલું : 'હું ભલે ન જોઉં પણ કોઈક તો જોશે ને !' શિક્ષકને પોતાના યજ્ઞકાર્યનાં ફળ પ્રત્યક્ષ જોવા નથી મળતાં. સાચા શિક્ષકની સુવાસ કોઈક સુધી તો પહોંચશે. એવી શ્રદ્ધા એ પુષ્પની આસ્તિકતા છે. સદ્‌ગત ચક્રવર્તી રાજગોપાલાચારી શિક્ષણને 'ચેતનાની ખેતી ' ગણાવતા.

ભારતના અર્થવિદ્ અમર્ત્ય સેનને નોબલ પારિતોષિક મળ્યું. તેઓએ વર્ષો પહેલાં સંશોધન કરીને એક બાબત સાબિત કરેલી કે દુષ્કાળના ગાળામાં માણસો ભૂખે મરે



વિનય યોગ્યતા આપે છે, યોગ્યતા ધન આપે છે.

તે માટે અનાજની અછત નહીં, પરંતુ વિતરણની અવ્યવસ્થા જવાબદાર છે. તેઓ વડા પ્રધાન વાજપેયીને મળ્યા ત્યારે પણ વિકાસનો ખરો આધાર શિક્ષણ છે, એ વાત ખાસ કરેલી. ઓરિસામાં વાવાઝોડાની કુદરતી આપત્તિમાં પણ ગરીબો અને નિરક્ષરો ખૂબ મોટી સંખ્યામાં મર્યા. આફત વખતે ઝટ પલાયન થવામાં પણ સમજશકિત અને પ્રાણશક્તિ જરૂરી બને છે. ગરીબી કઈ ચકલીનું નામ છે ? ગરીબી એટલે પ્રાણશકિત વગરની અથવા ઓછી પ્રાણશક્તિ ધરાવતી પ્રજાની માનસિકતા. ઈઝરાયલમાં પાણીની અછત છે, પરંતુ પાણીનું બજેટ બને પછી અછત ઝાઝી નડતી નથી. ત્યાં રણ પણ લીલાંછમ બન્યાં છે. એથી ઊલટું જ્યાં દુનિયામાં સૌથી વધારે વરસાદ પડે છે, તેવા ચેરાપુંજીમાં પાણીની અછતની સમસ્યા અંગે સમાચાર આવેલા. શિક્ષણના પ્રસાર વગર ગરીબી મટે તેમ નથી. શિક્ષણ માણસની પ્રાણશકિત કે પ્રાણબ્રહ્મને જગાડે છે.

અહીં શિક્ષકો ભેગા થયા છે. 'અપને વાલે' સાથે વાતો થઈ રહી છે. જીવનમાં કેટલીય વાર પાકો વહેમ પડેલો કે હું શિક્ષક થવા સર્જાયો છું. શિક્ષક હોવાનો વહેમ હજી દૂર થયો નથી. આપણે સૌ મૂળે તો યાજ્ઞવલ્કય કુળના આચાર્યો છીએ. બૃહદારણ્યક ઉપનિષદમાં પ્રસંગ છે. યાજ્ઞવલ્કય જનક પાસે ગયા. જનકે પૂછ્યું : 'તમે ગાયો લેવા આવ્યા છો કે મારા પ્રશ્નો સાંભળવા ?' યાજ્ઞવલ્કયે કહ્યું : 'બંને માટે આવ્યો છું.' બંને વચ્ચે લાંબી ચર્ચા ચાલી. જનકે પ્રશ્ન પુછયો : 'વાણી બ્રહ્મ છે' એવું મને જિત્વાએ કહેલું. તમે શું કહો છો ?' યાજ્ઞવલ્કયે જવાબ આપ્યો ત્યાં જનક કહે : 'હું તમને હજાર ગાયો અને હાથી જેવો સાંઢ આપું છું.' યાજ્ઞવલ્કય કહે : 'મારા પિતાએ કહેલું કે શિષ્યને પૂરેપૂરું શિક્ષણ આપ્યા વગર ધન લેવું નહીં.' ચર્ચાને પ્રત્યેક તબક્કે જનક હજાર ગાયો આપવાની વાત કરે અને યાજ્ઞવલ્કય આવો જ જવાબ વાળે. છેવટે જનક યાજ્ઞવલ્કયના જવાબોથી ખૂબ જ પ્રભાવિત થયા અને બોલ્યા : 'યાજ્ઞવલ્કય ! તમે જ અમને જ્ઞાન આપો છો, માટે આ રહ્યું વિદેહનું રાજય અને આ રહ્યો હું. બધું જ તમારું છે.' સાચા શિક્ષકની સત્તા (સત્ + તા ) નો અંત ત્યાં જ આવે જ્યાં ક્ષિતિજનો અંત આવે. આપણે પણ યાજ્ઞવલ્કયના મિજાજમાં કહેવાનું છે : 'વિદ્યાર્થીઓને દિલ દઈને ભણાવ્યા વગર પગાર લઈશ નહીં.' આવું કરીએ તો પાંચમી સપ્ટેમ્બરે દર વર્ષે શિક્ષક દિન ઊજવવો ન પડે. દુનિયાની સૌથી કુરૂપ ઘટના કઈ ? જવાબ છે. : પ્રભાવહીન શિક્ષક,

**એકસ-રે**

એક બાળકની કબર પર કોતરાયેલા શબ્દો આ પ્રમાણે હતા :

"આ પુષ્પ કોણે ચૂંટયું ?" માળીએ પુછ્યું.
"એને મેં મારા માટે ચૂંટયું હતું." માલિકે કહ્યુ,
અને માળી શાંત થઈ ગયો !

**સંકલન : સી. ટી. ટુંડીયા**
(સાભાર : અભિયાન - ૫ ફેબ્રુઆરી ૨૦૦૨)

## ચકલીની બર્થ ડે

—કિરીટકુમાર એમ. પટેલ

ચકલીની હતી બર્થ ડે,
ચકલો લાવ્યો બૂકે,

પોપટ લઈને પ્રેઝન્ટ,
આવી ગયા અર્જન્ટ.

કાબર લાવી પિપરમેન્ટ,
સાડી ઉપર છાંટી સેન્ટ.

કૂકડાભાઈ લાવ્યા કેક,
કાગડો કહે ખોલું હું પેક.

વાંદરે કેન્ડલ સળગાવી,
તરત જ કેક કપાવી.

હેપી બર્થ ડે ચકલી,
એમ બોલાવે સૌને બકલી.

મ્યાઉ બોલ્યાં બિલ્લી માસી,
બધાં ગયાં તરત નાસી.

**અધ્યાપક, એચ. કે. પ્રા. ટ્રેનીંગ કોલેજ,**
**અમદાવાદ.**

# ભૃગુપુર ગામના ભૃગુનાથ મહાદેવ

— રામભાઈ ભરવાડ

સુરેન્દ્રનગર જિલ્લો એટલે ઝાલાવાડ પ્રદેશ. ઝાલાવાડ પ્રદેશ સાવ સૂકો પ્રદેશ છે. વરસાદ ઓછો, ખડ–પાણી–આખરો, આવળ–બાવળ–બોરડી અને ખેર ખીજડીયાથી ભરચક પ્રદેશ એટલે ઝાલાવાડ મલક. ઝાલાવાડ મલકના માનવીયુ ઉદ્યમી ઓછા પણ અલખની આરાધનામાંઓછા ઉતરે નહિ એવા.

ધર ધીંગી ધીંગોધણી, ધીંગા માડુ ધજ્જ
દેવ લોકા આશાયુ કરે, જણત વારણ કજ્જ

ઝાલાવાડ મલકની ધરાની કણ કણમાં મણમણની માહોરી વાતુ પડી છે. સંતો–સતી–જતી –દયાળુ–દાતાર અને ભજનાનંદી ભકતોના રામસાગરી રણકારથી રણકતો મલક એટલે ઝાલાવાડ પ્રદેશ. ઝાલાવાડ મલકમાં એકે એક નદિયુના કિનારે તેમજ ડુંગરાની ધારે સતી, જતી અને શીવના બેસણા છે.

આવા ઝાલાવાડ મલકના ટોડલે સૌરાષ્ટ્રના પ્રવેશદ્વાર સમા ચૂડા તાલુકાને અડીને વાંસળ નદીનાં કાંઠે વસેલું, મોરની કલગી જેવું, તરણેતરની ભાતીગળ છત્રી જેવું, કનૈયાના મુકુટ જેવું, અને નથણીના મોતી જેવું પ્રાચીન નગર યાત્રાધામ એટલે ભૃગુપુર નામે ગોકળીયું ગામ છે. અઢારેય વરણ સૌ અહીં સંપીને રહે છે. "ટૂકડો ત્યાંમારો હરી ઢુકડો" – એમ સૌ ભૃગુપુરના માનવીયું મીઠપના માળામાં મોજુ માણે છે.

આ પાવન તીર્થભૂમિ ભૃગુપુર ગામ ભૃગુઋષિની તપોભૂમિ, ઝાલાકુળ ભૂષણ રાજવી અભેસિંહજી મહારાજની રાજભૂમિ, સાહિત્ય ભૂષણ પૂ.અમીગુરૂ મહરાજની જન્મભૂમિ, તેમજ યાત્રીઓની યાત્રા ભૂમિ છે. આ ભૂમિમાંએટલે કે પૂર્વ થી પશ્ચિમ તરફ બે માઈલના વિસ્તારમાં બગદાલમ ઋષિ, ગૌતમઋષિ તથા ભૃગુઋષિના આશ્રમો હતા. તેની સાબિતી રૂપે અત્યારે પણ ચૂડા પાસે બગદાલમઋષિનું બગસ્થલેશ્વર, ગોખરવાળા પાસે ગૌતમઋષિનું ગૌતમેશ્વર જે વાંસળ તથા નાગકુકીયા નદીના સંગમ પર આવેલ છે. અને ભૃગુઋષિનું ભૃગુનાથ દેવાલય ભૃગુપુર મધ્યે આવેલ છે.

લીંગના મુખ્ય ચાર પ્રકાર છે. ચરલીંગ, સ્થાપીતલીંગ, ગુરુલીંગ અને સ્વયંભૂલીંગ. ભૃગુપુર ગામનું શીવલીંગ સ્વયંભૂ પ્રકારનું શીવલીંગ છે. ગામલોકોએ અહીં શીખર બંધ મંદિર બંધાવેલ છે. ભૃગુઋષિના આ શીવલીંગની પૂજા કરતા હતાં. તેથી ભૃગુનાથ મહાદેવ કહેવાયા. શ્રાવણ માસમાં દરરોજ સાંજે આખુ ભૃગુપુર ગામ આ મંદિરે હુકલીને ભેળુ થાય છે. ગામના જુવાનીયા રાહડે રમે છે. અને મધુર ગીત ગાય છે.

"અમારા ગામનું નામ ભૃગુપુર,
શીતળ છાયા સુખપુર,
ભૃગુપુર મીઠું મધુર છે.
અમારા ગામના મધ્યે મહાદેવ છે.
ભૃગુનાથ એમનુ નામ,
ભૃગુપુર મીઠું મધુર છે".

શીવલીંગની બાજુમાં અષ્ટવંકા નામે ઝાડનું વૃક્ષ છે. હમણા સુધી આ ઝાડ પરથી ખાંડ ઝરતી હતી. મંદિરના ચોગાનમાં એક પીપળો છે. ભૃગુપુર ગામના બ્રાહ્મણો આ પીપળાના પાન કાશી લઈ ગયા ત્યારે ત્યાં સોનાના થઈ ગયેલા આવી વાત પણ ગામ લોકોના મુખેથી સાંભળેલી છે.

ભૃગુનાથ મહાદેવ એટલે ભૃગુપુર ગામની ભવ્યતા. આ મંદિરની બાજુમાં "ગંગવો" નામે કુંડ છે. જ્યાં દર વર્ષે ભાદરવી અમાસે વહેલા ચાર વાગ્યે સ્વયંભૂ ગંગાજી પ્રગટ થાય છે. તે દિવસે અહીંમોટો મેળો ભરાય છે. આજુબાજુ ગામના લોકો (મેળાના માણીગરો) ગંગવામાં સ્નાન કરી ભૃગુનાથ મહાદેવના દર્શન કરી પાપમાંથી મુક્ત થાય છે. તે દિવસે કાળુશા ગુલાબશા ફકીર પાણીનું પરબ ચલાવે છે. તેમના પરિવાર તરફથી રાત્રે છેલ્લા ૫૦ વર્ષથી ભજનનું આયોજન થાય છે. ગામ લોકો સાથે મળીને ભૃગુનાથ મહાદેવનો જય જય જયકાર કરે છે. –"જય ભૃગુનાથ"

ભલ્લ ભૃગુપુર ગામ, ભલ્લ ભૃગુનાથ મહાદેવ,
ભલ્લ વાંસળ માત
સ્વયંભૂશીવ પ્રગટીયા, પાડી ધરમમ ભાત.

લોક સાહિત્યકાર (ઝાલાવાડ)
ભૃગુપુર (ચૂડા)

# ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન

—ધનરાજ પંડિત

રાજા રામમોહનરાય થી શરૂ કરીને ડૉ. રાધાકૃષ્ણન સુધીના ભારતીયોએ ભારતની બૌધ્ધિક — આધ્યાત્મિક પરંપરાનું સર્વગ્રાહી દર્શન કરાવ્યું. પૂર્વ અને પશ્ચિમના સંવાદમાં ભાગ લેતા આ સંસ્કાર પુરુષો માનવજાતિની મહાન સંપત્તિ બની રહયાં.

ભારતના રાષ્ટ્રપતિ, પૂર્વ અને પશ્ચિમ વચ્ચે સેતુરૂપ વિચારક, રાજપુરુષ, આજીવન તત્વજ્ઞ શિક્ષક, પ્રસાદપૂર્ણ અસ્ખલિત વકતા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મ ૫મી સપ્ટેમ્બર ૧૯૮૮ માં ચેનૈઈ પાસે તિરુતની ગામે થયો. શાળા કોલેજ ચેનૈઈથી કરી તેઓ તત્વજ્ઞાનના અધ્યાપક થયા. તે પછી રવીન્દ્રનાથ ટાગોરના નિમંત્રણથી તેઓ શાંતિનિકેતનમાં જોડાયા. ત્યાર બાદ કુલપતિ, રશિયાના એલચી અને છેવટે ભારતના રાષ્ટ્રપતિ બન્યા.

તેમના અનન્ય ગ્રંથોમાં ભારતીય દર્શન, ભગવદ ગીતા મુખ્ય છે. અંગ્રેજી ભાષાની અને સંસ્કૃત દર્શન સાહિત્યની અભૂતપૂર્વ સિધ્ધિ અને સમૃધ્ધિ તેમના ગ્રંથોમાંજોવા મળે છે.

ટટ્ટાર, દેહયષ્ટી, મદ્રાસી પાઘડીવાળો ભારતીય વેશ, એ ડૉ. રાધકૃષ્ણનનું વ્યકિતત્વ. હાથમાં ચબરખી પણ રાખ્યા વિના, પ્રાસાદિક અસ્ખલિત અંગ્રેજી ભાષામાં તેઓ પ્રવચન આપતા. યંત્ર અને ટેક્નોલોજીના ક્ષેત્રે આગળ વધતા માનવને એની આજની વિચાર સંપત્તિ સાથે તેઓ અનુસંધાન મેળવી આપતા. તેમણે યંત્ર અને મંત્રનોસમન્વય કર્યો.

ડૉ. રાધાકૃષ્ણને પોતાના જન્મદિને શિક્ષકદિન તરીકે ઉજવાય તેવી ભાવના વ્યકત કરી, વિશ્વભરના શિક્ષકોને આદર, ગૌરવ અને સન્માન પ્રતિષ્ઠા અપાવ્યાં. આજના તેમના જન્મદિને આપણે તેમના પ્રિય મંત્રનું સ્મરણ કરીએ.,

'અયંનિજંપરો. વેત્તિ ગણનાં લઘુચેતસામ ।
ઉદાર ચરિતાનાર તુ વસુધૈવ કુટુમ્બકમ્ ।।

અર્થાત, નાનકડા મનવાળા માણસો આ મારું અને આ તારું એમ માને છે. ઉદાર ચરિત મનુષ્યો માટે તો સમગ્ર વિશ્વ પોતાનું કુટુંબ છે.

સંકલન : જે. જે. જોષી
ડાયેટ—સુરેન્દ્રનગર

(સાભાર : ગુજરાતસમાચાર, તા : ૫મીસપ્ટેમ્બર ૨૦૦૨)

## બાળકો

તમારાં બાળકો તે તમારાં નથી.
પણ જગજ્જીવનની પોતા માટેની કામનાના તે સંતાનો છે.
તે તમારી દ્વારા આવે છે, પણ તમારામાંથી આવતાં નથી.
અને તે તમારી સોડમાંરહે છે, છતાં તે તમારાં નથી.
તમે એમને તમારો પ્રેમ ભલે આપો પણ તમારી કલ્પનાઓ નહી.
કારણ, તેમને એમની પોતાની કલ્પનાઓ છે.
તમે ભલે એમના દેહને ઘર આપો, પણ એમના આત્માને નહી.
કારણ, તેમનો આત્મા તો ભવિષ્યના ઘરમાં રહે છે.
જેની તમે કદી સ્વપ્નામાંયે ઝાંખી કરી શકવાના નથી.
તમે તેમના જેવા થવા ભલે પ્રયત્ન કરજો,
પણ તેમને તમારા જેવાં કરવા ફાંફાં મારશો નહિં.
કારણ, જીવન ગયેલે માર્ગે પાછું જતું નથી,
અને ભૂતકાળ જોડે રોકાઈ રહેતું નથી.

ખલિલ જિબ્રાન (અનુવાદક : કિશોરલાલ મશરૂવાળા) સંકલન : સી. ટી. ટુંડીયા

# રેડિયો કાર્યક્રમ : 'ભાર વિનાનું ભણતર'

–સોનલ કે. ચૌહાણ

આપ સૌ સારી રીતે જાણો છો કે પ્રાથમિક શિક્ષણમાં પરિવર્તનનો જે જુવાળ જાગ્યો છે તેને લોકો સમક્ષ રજૂ કરવા માટે અનેકવિધ પ્રયુક્તિઓ દ્વારા આપણે સૌ સક્રિય છીએ. શાળા પ્રવેશોત્સવ, બાળમેળા... જેવી શાળાકીય પ્રવૃત્તિઓમાં લોકોને રસ પડયો છે. શિક્ષણકાર્ય માટે શિક્ષકો અને શાળાને સમાજનો વધુને વધુ સહકાર મળે, શૈક્ષણિક લોકજાગૃતિ થાય તે માટે આપણે સૌ સતત પ્રયત્નશીલ રહયા છીએ. આપણા આ લોક જાગૃતિ અભિયાનને વધુ વેગ આપવા, શિક્ષણની ગુણવત્તા ઊંચી લાવવા જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા એક નવો કાર્યક્રમ ૫ મી સપ્ટેમ્બર ૨૦૦૨ (શિક્ષક દિન) ના રોજથી અમલમાં આવ્યો છે.

હા, મિત્રો આ કાર્યક્રમ એટલે રેડિયો કાર્યક્રમ : 'ભાર વિનાનું ભણતર". આકાશવાણીના સહયોગથી જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલ સમય અને વારે વાલીઓ તથા જનજાગૃતિ માટેનો કાર્યક્રમ 'ભાર વિનાનં ભણતર' પ્રસારિત કરશે. જેમાં શિક્ષણ અને વાલી સહકાર, બાળ મનોવિજ્ઞાન, પ્રાથમિક શિક્ષણના નૂતન અભિગમો, કેળવણીકારો, મહાન સંતપુરુષોના અનુભવો... સરળ, અસરકારક શૈલીમાં સામેલ કરવામાં આવ્યા છે. શાળાના શિક્ષકો, V.E.C. M.T.A. P.T.A. તમામ બાળકોના મા–બાપને ઉપયોગી થાય તેવા આ રેડિયો કાર્યક્રમનો અચૂક લાભ લેશો. સમગ્ર ગ્રામજનોને પણ આ કાર્યક્રમ અચૂક સાંભળવા અનુરોધ કરશો.

**રેડિયો કાર્યક્રમ : 'ભાર વિનાનું ભણતર'**

| વાર | સમય | પ્રસારણ કેન્દ્ર |
|---|---|---|
| દર ગુરૂવાર | બપોરના ૦૩.૦૦ થી ૦૩.૩૦ | આકાશવાણીના પ્રસારણ કેન્દ્રો |
| દર શનિવાર | રાત્રીના ૦૮.૦૦ થી ૦૮.૩૦ | રાજકોટ |
| દર રવિાર | રાત્રીના ૦૮.૦૦ થી ૦૮.૩૦ | અમદાવાદ, વડોદરા, ભૂજ, ગોધરા, સરત, આહવા, દમણ |

ચાલો, આપણે સૌ 'ભાર વિનાનું ભણતર' કાર્યક્રમને સાંભળીએ, માણીએ, સમજીએ. આ કાર્યક્રમ સાંભળ્યા બાદ આપ આપના પ્રતિભાવો, સૂચનો અથવા તો કાર્યક્રમમાં રજૂ કરી શકાય તેવા વિચારો, નાટકની સ્ક્રીપ્ટ આપના નામ–સરનામા સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન–સુરેન્દ્રનગર (ઈ.ટી.શાખા) ને મોકલશો.

ઈ. ટી. શાખા,
ડાયેટ–સુરેન્દ્રનગર

જલસાનો રંગ એટલે પલાશનું ઉપવન ! જેના પેટમાં લ્હાય હોય, સૂકાયેલા હોઠ ચોંટી ગયા હોય એવા માણસને કોઈ પૂછે કે – 'કેમ છો?'

ત્યારે પ્રત્યુત્તરમાં માત્ર 'જલસા' જ સાંભળવા મળે ત્યારે પલાશવન ન હોય તો બીજું શું સંભવે ભલા?

**(દસ્તખત)માંથી**

**– પંકજ ત્રિવેદી (સુરેન્દ્રનગર)**

# સંદેશ મળી ગયો

વાર્તા

કિસાનપુર નામના એક નાનકડા ગામમાં હરિયા નામનો એક યુવક રહેતો હતો. તેને પતંગ બનાવવાનો અને ઉડાડવાનો ખૂબ શોખ. તે હંમેશા રંગબેરંગી પતંગ બનાવી અને ઉડાડયા કરતો. હરિયાના આ શોખને કારણે ગામના લોકો હરિયાને પતંગબાજના નામથી જ બોલાવતા હતા. હરિયો કાયમ દોરી અને કાગળ પોતાની સાથે જ રાખે. જયારે પણ તેને મોકો મળે તે રંગબેરંગી પતંગો બનાવી ગામના બાળકોમાં વહેંચ્યા કરતો અને ખુબ ખુશ થતો.

એક દિવસ ગામમાં રાજ દરબારમાંથી એક માણસ જાહેરાત કરવા આવ્યો કે- " થોડાક ડાકુઓ રાજ મહેલમાંથી ચોરી કરીને ભાગી ગયા છે. તે ક્યાંક આટલામાં જ છુપાયા છે. જો કોઇને તેની ખબર મળે તો તુરંત રાજદરબારમાં સૂચના આપે અથવા ડાકુઓને ખોજવા નિકળેલા સૈનિકોને આની જાણકારી આપે. જે કોઈ આની સૂચના આપશે તેને રાજાજી સારું ઈનામ આપશે."

હરિયો પછી આ સૂચના સાંભળી કંઈક વિચાર કરતો હતો. તેવામાં તેનો દોસ્ત ગોપાલ તેની પાસે આવ્યો અને હરિના કાનમાં ધીમેથી કંઈક કહેવા લાગ્યો- "સાંભળ હરિયા, ડાકુ અહીં આપણાં જ ગામમાં છુપાયા છે, તળાવ પાસેના ખંડેરમાં."

"શું" ? હરિ એકદમ ચોંકી ગયો પછી કંઈક વિચારીને બોલ્યો- "પણ મહારાજને આ વાતની જાણ કઈ રીતે કરવી ?"

ગોપાલે કહ્યું- "આ જ તો મુસીબત છે. ગામની બહાર નીકળવાનો એક જ રસ્તો છે. અને ત્યાં જ ડાકુઓ બેઠા છે. જે કોઈ બહાર જાય તેમને તે મારી જ નાંખેને."

હરિ મનમાં વિચાર કરવા લાગ્યો પછી અચાનક તેને એક વિચાર સૂજ્યો. હરિએ રાત્રે ગામના થોડા લોકોને એક ગુપ્ત જગ્યાએ મળવા બોલાવ્યા અને જણાવ્યું કે તેની પાસે એક સરસ તરકીબ છે ડાકુઓને પકડવાની અને પછી તેણે પોતાની વાત બધાને જણાવી. તો બધા જ ખુશ ખુશ થઈ ગયા.

સવાર થતા જ હરિ પોતાના રોજના ક્રમ મુજબ પતંગ ઉડાડવા લાગ્યો, પરંતુ આ વખતે તે પતંગ ખૂબ ઉંચે ઉડાડી અને પછી તેની દોરી કાપી નાખતો હતો.

પતંગ દૂર સુધી ઉડતી જતી હતી. ડાકુઓએ પણ હરિને પતંગ ઉડાડતો જોયો પણ તેમણે તે બાજુબહુ ધ્યાન દીધુ નહીં. તેમણે વિચાર્યુ હશે-"કદાચ પોતાના શોખને કારણે તે પતંગ ઉડાડતો હશે."


આ તરફ હરિયાએ ઘણી બધી પતંગો ઉંચે હવામાં ઉડાડીને છોડી મૂકી હતી. જોત-જોતામાં હરિયાએ છોડેલી પતંગો દૂરદૂરના ગામોમાં જઇને પડવા લાગી. બીજા ગામના બાળકોએ આ પતંગો ભેગી કરવા માંડી. તેમને પતંગો જોઈને વિચાર થવા લાગ્યો કે આ પતંગોમાં તો રાજાના નામે સંદેશ લખાયેલો છે. તેની સાથે કિશાનપુર ગામમાં મદદ કરવાની વાત લખાયેલી છે. આ પતંગો ડાકુઓને શોધી રહેલા સૈનિકોના હાથમાં પણ આવી. તેઓને એ વિચારતા વાર ન લાગી કે ડાકુઓ કિસાનપુર ગામમાં કયાંક છુપાયેલા છે.

પછી શું હતું ? સૈનિકો રાત પડતા જ પૂરી તૈયારી સાથે હરિયાના ગામમાં આવ્યા અને ગામને ચારે બાજુથી ઘેરી ડાકુઓ પર હુમલો કરી દીધો અચાનક થયેલા હુમલાથી ડાકુઓ એકદમ ગભરાઈ ગયા હતા. તેમની સમજમાં આવતુ ન હતું કે ગામમાં કોઈ વ્યકિત બહાર ગઈ નથીને સૈનિકોને ખબર કયાંથી પડી ? પણ હવે વિચારવ માટે ખૂબ મોડુ થઈ ગયું હતું. સૈનિકોએ ડાકુઓને પકડી લીધા.

બીજા દિવસે સૈનિકોએ રાજાને ડાકુઓને પકડવામાં સૌથી મોટો ફાળો પતંગોનો અને હરિયાનો છે તે બાબત જણાવી. રાજા ખૂબ ખુશ થયા અને તેમણે હરિયાને માથે પ્રેમથી હાથ ફેરવી તેને શાબાશી આપીને કહ્યું - "તે તારી સમજદારીથી ગામનું સન્માન વધાર્યુ છે. મને તારા પર ખૂબ માન છે." આમ કહી રાજાએ હરિયાને ખૂબ મોટુ ઈનામ આપ્યુ.

(સાભાર: નંદન) -અનુવાદ : સુમનબેન જી. પંડયા

મહાભારતના યુદ્ધમાં;
સારથિ પણ હું હતું,
યુગ પલટાવવો હોય;
તો શિક્ષક પણ હું હતું.



## કોમ્પ્યુટર શીખવું છે ?

- દિપક ગોસાઈ

ગયા અંકમાં આપણે કોમ્પ્યુટર અને તેના મુખ્ય ભાગો વિશે માહિતી મેળવી હતી. હવે આપણે તેના વિશે વિસ્તૃત માહિતી મેળવીશું.


**૧. ઈનપુટ ઉપકરણો(સાધનો):** કોમ્પ્યુટરને માહિતી આપવા માટેના ભાગને ઈનપુટ ઉપકરણ કહેવાય પંચકાર્ડ, કી-બોર્ડ, જોય સ્ટિક, માઉસ વગેરે મુખ્ય ઈનપુટ ઉપકરણો(સાધનો) છે.

➤**પંચકાર્ડ:** આ એક ખાસ પ્રકારનું કાર્ડ હોય છે, જેના પર છિદ્રો પાડવામાં આવે છે. તેના કુલ ૮૦ ખાનાં હોય છે. આ ખાનાંમાં ડેટા અને આદેશોનો સંગ્રહ કરવામાં આવે છે. પંચકાર્ડનો ઉપયોગ હવે બહુ થતો નથી.

➤**કી-બોર્ડ:** તમે લોકોએ ટાઈપરાઈટર તો જોયું જ હશે. કમ્પ્યુટરનું કી-બોર્ડ ટાઈપરાઈટર જેવું જ સાધન છે. ટાઈપરાઈટરથી કાગળ પર ટાઈપ થાય છે. તેવી જ રીતે કી-બોર્ડ પર ટાઈપ કરવાથી તે માહિતી કોમ્પ્યુટરમાં પહોંચી જાય છે. બધા ઉપકરણોમાં કી-બોર્ડનો સૌથી વધુ ઉપયોગ થાય છે. કી-બોર્ડ પર જુદી જુદી ચાવી (key) હોય છે.

**-જેમાં મુખ્ય છે:** ૦,૧,......૯ આંકડા - A, B, ... , Z અક્ષરો, અને આ ઉપરાંત બીજા ખાસ ઉપયોગ માટે થોડી કી હોય છે. કી-બોર્ડ એક કરતાં વધુ કી વાપરી ખાસ કાર્ય કરી શકાય છે.

**કી-બોર્ડ ➔** 

➤**માઉસ :** કોમ્પ્યુટર સ્ક્રીન ઉપર જુદી જુદી જગ્યાએ ઝડપથી જવું હોય તો માઉસનો ઉપયોગ કરવામાં આવે છે. તેને સપાટ સપાટી પર ફેરવવામાં આવે છે. માઉસના નીચેના ભાગમાં બોલ હોય છે, અને ઉપરની સપાટી પર જુદાં જુદાં કાર્યો કરવા માટે બે-ત્રણ બટન હોય છે. માઉસ હાથથી સપાટ સપાટી પર ફેરવવામાં આવે છે આમ કરવાથી તેની નીચેનો બોલ ફરે છે. એ બોલ જે દિશામાં ફરે તે દિશામાં સ્ક્રિન પરનું નિશાન ફરે છે, અને કોમ્પ્યુટર એ દિશાઓને ઉપયોગમાં લઈ પોતાને શું કરવું તેની માહિતી મેળવે છે. **માઉસ ⟶**  (ક્રમશઃ)

## ચિંતન

– બી. એન. લખતરીયા

**શિક્ષક એટલે...**

– કહે તેવું જ કરે, શિક્ષણ કાર્યનો સંતોષ અનુભવે.
– વ્યવસાયની પવિત્રતા જાણે અને પૂર્ણરૂપે સ્વીકારે.
– શીખવાની અને શીખવવાની કળામાં પ્રવિણ હોય.
– આશાવાદી દ્રષ્ટિ રાખે અને બીજા પાસે રખાવે.
– બાળ માનસ સમજે અને તે રીતે વ્યવહાર કરે.
– વર્ગમાં વિવિધ શિક્ષણ–પ્રવિધિઓનો અને શૈક્ષણિક સાધનનો ઉપયોગ કરે.
– સિધ્ધિ પ્રેરણા બાળકોમાં વિકસાવે.
– વિષયવસ્તુની સંપૂર્ણ તૈયારી કરે અને પછી શીખવે.
– પરિવર્તન પામતા સમય સાથે કદમ મિલાવે.
– સ્નેહ–સહાનુભૂતિ અને સમર્પણની ભાવના વિકસાવે.
– સમયનો સદ્દ્પયોગ કરે અને બીજા પાસે કરાવે.
– પરમાર્થ કરે છતાં અભિમાન ન કરે.
– વિનય, વિવેક અને વિદ્યા પ્રદાન કરે.
– જ્ઞાન સાથે ગમ્મત અને વિદ્યાર્થીમય બને.

બી. આર.સી., વઢવાણ.

## સંકલ્પ

શાહબુદિન બાદી

મારી નાની મોટી નિર્બળતા જોઈ હું હતાશ નહીં બનું. અને બીજાઓ કરતા ચડિયાતી શકિત જોઈ ગર્વ નહિ કરું પણ મારી નિર્બળતાને દૂર કરવા પ્રયત્ન કરીશ અને શકિતને પચાવી જવાની શકિત કેળવીશ.

સુખના દિવસોમાં મારી પોતાની જ આસપાસ સ્વાર્થની દિવાલ નહિ ચણું અને દુઃખના દિવસોમાં વિશાળ હરિયાળા મેદાનોને યાદ કરીશ.

જગત મને જે કંઈ આપે તે કૃતજ્ઞ ભાવે ગ્રહણ કરીશ અને સાંજ ઢળતા મારી જાતને પૂછીશ આજે તે કોઈને આનંદનો કણ આપ્યો છે કે નહિ?

તાલીમાર્થી (દ્વિતીય વર્ષ)
ડાયેટ–સુરેન્દ્રનગર.

# યોગ શિક્ષણ

સંકલન : કુ.કાશ્મીરા મહેતા

જીવનમાં આપણે ઘણુંબધું શીખીએ છીએ, સાંભળીએ છીએ, એવું શિક્ષણ જેનાથી વ્યવહાર સરળ બની રહે પણ એવું જ્ઞાન કયાંય નથી મળતું કે જેનાથી જીવનમાં આનંદ, પ્રેમ કે ઉત્સાહ વધે. સજાગ થઈને જોઈએ કે આપણે જે પણ કંઈ કરીએ છીએ એ શેના માટે? નોકરી કરવી હોય કે પૈસા કમાવા હોય, સરસ બંગલો બાંધવો હોય કે લગ્ન કરવા હોય, સારું શિક્ષણ મેળવવું હોય કે નામ કમાવું હોય આ બધી પળોજણો પાછળનો મુખ્ય હેતુ શું?

જો હાર્દ સમજાઈ જાય તો જણાશે કે પ્રેમ અને આનંદ જ આપણને પરિપૂર્ણતાનો અનુભવ આપી શકે છે. માંદગી વિનાનું જીવન એટલે તંદુરસ્ત જીવન નહી. ભૌતિક સુખોની રેલમછેલ એ જીવનની સાર્થકતા નથી. સમસ્યા વગરના સંબંધોમાંથી પણ પ્રેમની સુવાસ નથી આવતી. આ પ્રશ્નો પોતાની જાતને પૂછી જોજો. શુંઆપણે જીવનમાં ક્ષણે–ક્ષણે અગાધ આનંદમાં મ્હાલી શકીએ છીએ ? મનની અસંતુષ્ટતાઓને પૂરી કરવામાંજ દિવસો જઈ રહયાં છે. શું આપણા કર્મો, આપણા અને બીજાઓના જીવનને શાંતિમય બનાવી રહયાં છે ? આપણા જ મનના તણાવથી આસપાસના વાતાવરણને ડહોળું કરી રહયાં છે ? આપણા ધાર્યા કામ નિયત સમયમાં ઉચાટ વગર પાર પાડી શકીએ છીએ ? સુખ પાછળની દોડ મૃગજળની જેમ અવિરત ચાલ્યા જ કરે છે?

અસરકારક જીવન એ અસ્તિત્વની સર્વોત્તમ કળા છે. આ ઉચ્ચત્તમ જ્ઞાન મેળવવા કયાં જઈશું? અહીઆનંદ અને સફળતાનોસાચો માર્ગ ચીંધેલો છે. સત્ય તો અવર્ણનીય છે. મૌનનું સંગીત છે.

જ્ઞાન એટલે માહિતી નહી પરંતુ જાગ્રતતા, સ્પષ્ટતા, સજાગતા અને વિશાળતા છે. આ જ્ઞાનથી જીવનમાં આમૂલ પરિવર્તન આવે છે. આ જ્ઞાનથી સજાગ બનવા માટે આપણી પાસે એક અમૂલ્ય સાધન છે. અને તે છે "યોગ" ખરુ ને ? (ક્રમશ:)

ગ્રંથપાલ
ડાયેટ–સુરેન્દ્રનગર.



ડાયેટ સુરેન્દ્રનગર ખાતે ૫૫માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી નિમિત્ત ધ્વજ વંદન કાર્યક્રમના મુખ્ય મહેમાન માન. શ્રી બી. સી. માંઢ સાહેબ (નાયબ નિયામકશ્રી, જી.સી ઇ.આર.ટી., ગાંધીનગર) તથા ડાયેટ પરિવાર સલામી આપી રહ્યા છે. તથા સ્વામીનારાયણ ગુરુકુળના બાળકો પણ સાથે સલામી આપી રહેલા જણાય છે.



પલાશના વિમોચન પ્રસંગે અધ્યક્ષ સ્થાને રહેલ માન. શ્રી ડૉ. પી. ટી. પંડ્યા સાહેબ (રીડરશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર) પલાશનું વિમોચન કરી રહ્યા છે. માન. શ્રી બી. સી. માંઢ (નાયબ નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર) તથા સંત શ્રી નારાયણ સેવાદાસજી (સ્વા. ગુરુકુળ), શ્રી એન જે. મકવાણા (પ્રાચાર્ય-ડાયેટ, તંત્રીશ્રી-પલાશ).

# સંસ્થા સમાચાર

જે. એસ. પટેલ — એમ. બી. પરમાર

- ડાયેટના મુખપત્ર 'પલાશ' ની વિમોચનવિધિ માન. શ્રી ડૉ. પી. ટી. પંડ્યા સાહેબ (રીડરશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર)ના વરદ હસ્તે કરવામાં આવી. પ.પૂ. સંતશ્રી નારાયણ સેવાદાસજી (શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ) ઉપસ્થિત રહીને આશીર્વાદ આપ્યાં. (તા: ૧૫ મી ઓગસ્ટ ૨૦૦૨)
- ડાયેટ–સુરેન્દ્રનગર ખાતે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી કરવામાંઆવી. માન.શ્રી બી. સી. મોઢ સાહેબ (નાયબ નિયામકશ્રી, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર) ના વરદ હસ્તે ધ્વજ વંદનનો કાર્યક્રમ યાજાઈ ગયો. (તા: ૧૫ ઓગસ્ટ ૨૦૦૨)
- ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન જન્મ જયંતિ (૫ મી સપ્ટેમ્બર ૧૮૮૮) શિક્ષક દિન નિમિત્તે ડાયેટ ખાતે ઉજવવામાં આવ્યો. પ્રાર્થના સંમેલનના કાર્યક્રમની વ્યાખ્યાન માળામાં વ્યાખ્યાતા શ્રી મનોજભાઈ કોરડીયા, શ્રી જયેશભાઈ પટેલ તથા તાલીમાર્થી શાહબુદીન બાદી દ્વારા શિક્ષક દિનના મહિમાને વર્ણવ્યો. અધ્યાપન – અધ્યયન ડાયેટના દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું. (૫ મી સપ્ટેમ્બર ૨૦૦૨)
- ડાયેટ–સુરેન્દ્રનગર ખાતે ડી.પી.ઈ.પી. અંતર્ગત ટેલીકોન્ફરન્સનો કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં જિલ્લાના તમામ બી.આર.સી.કો.ઓર્ડી. ઉપસ્થિત રહયા હતાં. શ્રી એન. જે. મકવાણા સાહેબ (પ્રાચાર્ય–ડાયેટ) દ્વારા બી.આર.સી.સાથે શૈક્ષણિક પ્રત્યાયન કરેલ. (તા: ૭ મી સપ્ટેમ્બર ૨૦૦૨)
- જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર દ્વારા આયોજિત પ્રાચાર્યશ્રીઓ (તમામ) ની બેઠકમાંશ્રી એન. જે. મકવાણા સાહેબ ડાયેટ–જામનગર ખાતે ઉપસ્થિત રહયા. (૧૦થી ૧૨ સપ્ટેમ્બર ૨૦૦૨)
- વઢવાણ તાલુકાના યુવા મહોત્સવમાં ડાયેટના પી.ટી.સી.ના તાલીમાર્થીઓએ કુલ ૫(પાંચ) સ્પર્ધામાં ભાગ લઈને ત્રણમાં પ્રથમ ક્રમે રહયા. (૧૩ મી સપ્ટેમ્બર ૨૦૦૨)
- ડાયેટ ખાતે "હિન્દી દિવસ"ની ઉજવણી કરવામાં આવી. જેમાં હિન્દી ભાષાના માહાત્મ્ય અને તેના પ્રચાર–પ્રસાર અંગે ડાયેટ પ્રાચાર્ય શ્રી એન. જે. મકવાણા સાહેબ તથા વ્યાખ્યાતા શ્રી જે. એમ. પટેલ દ્વારા રસપ્રદ વાતો મૂકવામાં આવી. સમગ્ર દિવસ દરમ્યાન વાર્તાલાપ હિન્દી ભાષામાં કરવામાં આવ્યો. (૧૪ સપ્ટેમ્બર ૨૦૦૨)

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – સુરેન્દ્રનગર દ્વારા ધોરણ– ૨ (બે)ના નવા પાઠય–પુસ્તકો અંગેના તાલીમથી વંચિત શિક્ષકોના વર્ગો તા: ૧૬ થી ૧૯ ઓગસ્ટ ૨૦૦૨ (ચાર દિવસ) દરમ્યાન ૦૬ (છ) સ્થળ પર યોજાઈ ગયા. જેમાં જિલ્લાના ૨૫૯ શિક્ષક ભાઈ–બહેનોએ ઉપસ્થિત રહી આનંદમયી, પ્રવૃત્તિલક્ષી તથા ક્ષમતા કેન્દ્રી પાઠય–પુસ્તકો અંગેની વિસ્તૃત માહિતી પ્રાપ્ત કરી.

સ્ટેમ્પ

O. I. G. S. Printed Matter . Book-Post

પ્રતિ,
આચાર્યશ્રી, ________ પે. સેન્ટર / પ્રાથમિક શાળા,
________
તાલુકો : ________
જિ. સુરેન્દ્રનગર.

રવાના:
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સામે,
સુરેન્દ્રનગર
પીન : ૩૬૩ ૦૦૧